પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૫૪ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૨-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## રશિયાના રાષ્ટ્રપતિ પુતિને પૂર્વ યુક્રેનના ડોનેત્સ્ક અને લુગાન્સક પ્રાંતને બે સ્વતંત્ર દેશ જાહેર કર્યા

મોસ્કો,

રશિયા અને યુક્રેન વચ્ચે તણાવ ચરમસીમા પર છે. આ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રાષ્ટ્રને સંબોધન કર્યું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા રાષ્ટ્રને સંબોધિત કરતી વખતે કરવામાં આવેલી જાહેરાતથી બંને દેશો વચ્ચે તણાવ વધી શકે છે. પુતિને જાહેરાત કરી છે કે રશિયા પૂર્વ યુક્રેનના બે અલગ-અલગ પ્રદેશોની સ્વતંત્રતાને માન્યતા આપશે. રશિયા ડનિટ્સ્ક અને લુગાન્સ્કના સ્વ-ઘોષિત પ્રજાસત્તાકને અલગ દેશો તરીકે માન્યતા આપશે.



રશિયાના રાષ્ટ્રપતિએ ડોનેસ્ક પીપલ્સ રિપબ્લિક (ડીપીઆર) અને લુગાન્સ્ક પીપલ્સ રિપબ્લિક (એલપીઆર) ની માન્યતા સંબંધિત એક્ઝિક્યુટિવ ઓર્ડર પર પણ હસ્તાક્ષર કર્યા છે. રશિયન પ્રમુખે ડીપીઆરના વડા, ડેનિસ પુશિલિન અને એલપીઆરના વડા, લિયોનીડ પશ્નિક સાથે પણ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. રશિયા અને ડીપીઆર,એસપીઆર વચ્ચેની આ સંધિ મિત્રતા, સહકાર અને પરસ્પર સહાયતા વિશે છે.

રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે જે લોકો હિંસા, રક્તપાત, અરાજકતાના માર્ગે ચાલવા લાગ્યા તેઓ ડોનબાસના મુદ્દાને ઓળખતા નથી. ડનિટ્સ્ક પીપલ્સ રિપબ્લિક અને પીપલ્સ રિપબ્લિક ઓફ લુગાન્સ્કની સ્વતંત્રતા અને સાર્વભૌમત્વને ઓળખો. તેમણે એમ પણ કહ્યું કે તેઓ રશિયન ફેડરેશનની ફેડરલ એસેમ્બલીને આ નિર્ણયને સમર્થન આપવા માટે કહેશે અને પછી આ પ્રજાસત્તાકો સાથે મિત્રતા અને પરસ્પર સહાયતા માટે બે સંધિઓ કરશે, જેના સંબંધિત દસ્તાવેજો ટૂંક સમયમાં તૈયાર કરવામાં આવશે. રશિયન રાષ્ટ્રપતિની આ જાહેરાત બાદ હવે યુક્રેનના આ વિસ્તારમાં રશિયન સૈનિકો ઘૂસવાની આશંકા છે.

પુતિને કહ્યું કે યુક્રેનનું નાટોમાં સામેલ થવું એ રશિયાની સુરક્ષા માટે સીધો ખતરો છે. તાજેતરની ઘટનાઓએ યુક્રેનમાં નાટો સૈનિકોની ઝડપી જમાવટ માટે કવર તરીકે સેવા આપી છે. તેમણે દાવો કર્યો હતો કે યુક્રેનમાં નાટોનું પ્રશિક્ષણ કેન્દ્ર નાટોના સૈન્ય મથકની સમકક્ષ છે. યુક્રેનનું બંધારણ વિદેશી લશ્કરી મથકોને મંજૂરી આપતું નથી. રાષ્ટ્રને સંબોધતા રશિયન રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે યુક્રેન પરમાણુ હથિયાર બનાવવાની યોજના ધરાવે છે.તેમણે કહ્યું કે આધુનિક યુક્રેન સંપૂર્ણપણે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું છે. આ પ્રક્રિયા ૧૯૧૭ ની ક્રાંતિ પછી તરત જ શરૂ થઈ. બોલ્શેવિકોની નીતિને કારણે સોવિયેત યુક્રેનનો ઉદય થયો, જેને આજે પણ 'વ્લાદિમીર ઈલિચ લેનિનનું યુક્રેનલ્ક કહેવામાં આવે છે. તે તેના આર્કિટેક્ટ છે જેની પુષ્ટિ દસ્તાવેજો દ્વારા પણ થાય છે. વ્લાદિમીર પુતિને કહ્યું કે હવે યુક્રેનમાં લેનિનના સ્મારકો તોડી પાડવામાં આવ્યા છે. તેઓ તેને ડીકોમ્યુનાઈઝેશન કહે છે. શું તમે કોમ્યુનાઈઝેશન ઈચ્છો છો? આ બિનજરૂરી છે. અમે યુક્રેનને બતાવવા માટે તૈયાર છીએ કે વાસ્તવિક ડીકોમ્યુનાઈઝેશનનો અર્થ શું છે.

વ્લાદિમીર પુતિને કહ્યું છે કે જો યુક્રેનને સામૂહિક વિનાશના શસ્ત્રો મળી જશે તો વૈશ્વિક પરિસ્થિતિમાં મોટો બદલાવ આવશે. તાજેતરના મહિનાઓમાં યુક્રેન પશ્ચિમી શસ્ત્રોથી ભરાઈ ગયું છે. યુક્રેનમાં સૈન્ય અભ્યાસ દરમિયાન નાટોના પ્રશિક્ષકો સતત હાજર હતા. તેણે યુએસ અને નાટો પર યુક્રેનને યુદ્ધના થિયેટરમાં ફેરવવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે યુક્રેન એક કઠપૂતળી શાસિત અમેરિકન કોલોની છે.રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને પૂર્વ યૂક્રેનના ડોનેત્સ્ક અને લુંગસ્કને અલગ દેશ તરીકે માન્યતા આપવાના નિર્ણય બાદ યૂક્રેન સાથે વિવાદ વધી ગયો છે. બંને દેશો વચ્ચે યુદ્ધની આશંકાઓ પ્રબળ બની ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને બંને દેશો પર પ્રતિબંધ લગાવવા અંગેના ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. આ મામલે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં બેઠક પણ થઈ રહી છે.

### અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને બંને દેશો પર પ્રતિબંધ લગાવવા અંગેના ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને પરિસ્થિતિ જોતા મોટો નિર્ણય લીધો છે. તેમણે એક ટ્વીટમાં કહ્યું કે રશિયાને આંતરરાષ્ટ્રીય કાયદાના ભંગ બદલ અનેક પ્રકારે મળતા ફાયદાથી વંચિત કરવા માટે એક એક્ઝિક્યુટીવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. આ સાથે જ યૂક્રેન સહિત અન્ય સહયોગીઓ સાથે પણ સતત વાતચીત કરી રહ્યા છીએ. રિપોર્ટ્સ મુજબ અમેરિકાએ ડોનેત્સ્ક અને લુહાંસ્ક પર જે પ્રતિબંધો લગાવ્યા છે તેમાં અમેરિકાના લોકો દ્વારા આ વિસ્તારો પર કોઈ પણ પ્રકારનું રોકાણ, વેપાર વગેરે કરાશે નહીં. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનનું કહેવું છે કે રશિયાએ મિન્સ્ક સંધિનો ભંગ કર્યો છે. તેનાથી યૂક્રેનની શાંતિ, સ્થિરતા અને ત્યાંની પરંપરાઓ માટે જોખમ પેદા થયું છે.

અમેરિકાના એક અધિકારીએ કહ્યું કે અમેરિકા અને તેના સહયોગીઓએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સાથે બેઠક કરવાનો પણ આગ્રહ કર્યો હતો. રશિયા દ્વારા યૂક્રેનના બે વિસ્તારોને નવા દેશ તરીકે માન્યતા આપવાની જાહેરાત બાદ અમેરિકાએ કહ્યું હતું કે તે યૂક્રેનથી અલગ થયેલા આ ક્ષેત્રો પર કડક પ્રતિબંધ લગાવશે. અમેરિકાએ ડોનેત્સ્ક અને લુહાંસ્કને સ્વતંત્ર જાહેર કરવાની રશિયાના નિર્ણયની આકરી ટીકા કરી. સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં અમેરિકાના રાજદૂત લિંડા થોમસ ગ્રીનફિલ્ડે કહ્યું કે યૂક્રેનના જે ૨ વિસ્તારોને અલગ દેશ તરીકે માન્યતા અપાઈ છે તે વિસ્તારોને રશિયા દ્વારા કંટ્રોલ કરવામાં આવે છે. રશિયાના આ પગલાંથી યૂક્રેનની અખંડિતતા માટે જોખમ પેદા થયું છે.

## ભારત યુએનમાં અમારી પ્રાથમિકતા ભારતીયોની સુરક્ષા,રશિયાને પણ સંયમ રાખવાની અપીલ કરી

નવીદિલ્હી,

રશિયા સાથે યુક્રેનની સરહદ પર વધતા તણાવથી ચિંતિત ભારતે મંગળવારે તમામ પક્ષોને પરસ્પર સૌહાર્દપૂર્ણ ઉકેલ સુનિશ્ચિત કરવા માટે અત્યંત સંયમ રાખવા અને રાજદ્વારી પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારત તરફથી આ નિવેદન યુએનએસસીમાં રશિયા દ્વારા અલગ કરાયેલા ડોનેત્સ્ક અને લુહાન્સ્ક પ્રદેશોની સ્વતંત્રતાની માન્યતાની પૃષ્ઠભૂમિમાં આપવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ તિરુમૂર્તિએ કહ્યું કે રશિયન ફેડરેશન સાથે યુક્રેનની સરહદ પર વધી રહેલો તણાવ ઊંડી ચિંતાનો વિષય છે. આ ઘટનાક્રમથી પ્રદેશની શાંતિ અને સુરક્ષામાં ખલેલ પહોંચશે. તેમણે કહ્યું કે ૨૦,૦૦૦ થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકો યુક્રેનના વિવિધ ભાગોમાં રહે છે. ભારતીયોની સુરક્ષા પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે ભારત બંને પક્ષો પર સંયમ રાખવા અને રાજદ્વારી પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાનો આગ્રહ રાખે છે. તેમણે કહ્યું કે વહેલી તકે સૌહાર્દપૂર્ણ ઉકેલ સુધી પહોંચવા માટે રાજદ્વારી પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા તમામ પક્ષોને હાકલ કરી હતી. "અમે તમામ પક્ષો માટે અત્યંત સંયમ રાખવાની અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવા માટે રાજદ્વારી પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂકીએ છીએ જેથી વહેલી તકે પરસ્પર સૌહાર્દપૂર્ણ ઉકેલ આવે તે સુનિશ્ચિત કરવામાં આવે.






## સુરત : હિજાબ પહેરીને વિદ્યાર્થિનીઓ આવતા વિવાદ, પોલીસે વિરોધ કરતા આગેવાનોની અટકાયત કરી

સુરત,

સુરતના હીરાબાગ વિસ્તારમાં આવેલી પી.પી. સવાણી સ્કૂલમાં કેટલીક વિદ્યાર્થીનીઓ હિજાબ પહેરીને શાળાએ આવી હતી. જેની જાણ હિંદુ સંગઠનોના આગેવાનોને થતા આગેવાનો શાળા પર પહોંચી આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો. જેને લઈને કાપોદ્રા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી.અને વિરોધ કરી રહેલા હિંદુ સંગઠનોના આગેવાનોની અટકાયત કરી હતી.મહત્વવનું છે કે આ ઘટના બાદ શાળાની બહાર પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.જેથી ફરીથી કોઈ તણાવ ભરી પરિસ્થિતિનું નિર્માણ ન થાય.



કર્ણાટકનો હિજાબ વિવાદ વધુ ગરમાઈ રહ્યો છે, જેના પડઘા હવે ગુજરાતમાં શરૂ થયા છે. આજે સુરતના વરાછામાં કાપોદ્રાની પી પી સવાણી સ્કૂલમાં હિજાબ પહેરીને વિદ્યાર્થિનીઓ આવતાં હિન્દુ સંગઠનોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક લોકો અને હિન્દુ સંગઠનના આગેવાનો શાળાની બહાર ભેગા થઈ ગયા અને વિરોધ કરતા જોવા મળ્યા હતા.

સ્કૂલમાં પ્રખરતા શોધ કસોટી ચાલી રહી હતી જેમાં કેટલીક વિદ્યાર્થિનીઓ હિજાબ પહેરીને આવી હતી. પરીક્ષા શરુ થઈ તે પહેલા પાંચેક છોકરીઓ હિજાબ પહેરીને સ્કૂલમાં આવી હોવાની માહિતી હિન્દુવાદી સંગઠનના લોકોને મળી હતી. ત્યારબાદ તેઓ સ્કૂલે પહોંચ્યા હતા અને આ મામલે વિરોધ કરી પ્રિન્સિપાલ સમક્ષ રજૂઆત કરી હતી. હિન્દુવાદી સંગઠનના કાર્યકરોનો આક્ષેપ છે કે હિજાબ પહેરીને સ્કૂલે આવવું એક ષડયંત્રનો ભાગ છે, અને ગુજરાતમાં પણ આ વિવાદ ઉભો કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સ્કૂલમાં પાંચેક જેટલી છોકરીઓ હિજાબ પહેરીને આવી હોવાની કેટલીક વિડીયો ક્લિપ્સ પણ સોશિયલ મીડિયામાં ફરતી થઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, હોબાળા બાદ પોલીસ પહોંચી ત્યારે પણ આ છોકરીઓ સ્કૂલમાં જ હાજર હતી. જોકે, પોલીસે સમગ્ર મામલાની તપાસ ના થાય ત્યાં સુધી કંઈ કહેવાનો ઈનકાર કરી દીધો હતો.

મહત્વનું છે કે, અગાઉ પણ ગુજરાતમાં હિજાબ વિવાદની સુરતથી એન્ટ્રી થઈ ગઈ છે. સુરતમાં અગાઉ સોશિયલ મીડીયામાં એક પોસ્ટર ફરી રહ્યું હતું. જેમાં હિજાબ મામલે રેલીનું આહવાન કરાઈ રહ્યું હતું. સોશિયલ મીડીયામાં ફરતા પોસ્ટરોથી તંત્રની ચિંતામાં વધારો થયો હતો.

## લદ્દાખમાં અનુભવાયા ભૂકંપના આંચકા, રિક્ટર સ્કેલ પર ૪.૩ની તીવ્રતા

શ્રીનગર,

લદ્દાખમાં મંગળવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર લદ્દાખના કારગીલ નજીક સવારે ૮ વાગ્યે ભૂકંપ આવ્યો હતો અને રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્ર કારગિલથી ૧૫૧ કિમી ઉત્તર-પશ્ચિમમાં હતુ. જો કે રાહતની વાત એ છે કે,અત્યાર સુધી ભૂકંપના કારણે કોઈ નુકસાનના અહેવાલ મળી રહ્યા નથી.

ભૂકંપની દેખરેખ માટેની સરકારની નોડલ એજન્સીએ જણાવ્યુ હતુ કે ભૂકંપની ઘટના સવારે ૮.૩૫ વાગ્યે ૧૦ કિમીની ઊંડાઈએ જોવા મળી હતી. ભુકંપને કારણે હાલ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે લોકો ઘરની બહાર નીકળીને ખુલ્લી જગ્યા પર આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે ભૂકંપને સિસ્મોગ્રાફ વડે માપવામાં આવે છે.

ધરતીકંપની ક્ષણની તીવ્રતા પરંપરાગત રીતે માપવામાં આવે છે. જ્યારે ભૂકંપ ૩ રિક્ટરની તીવ્રતા સાથે આવે છે, ત્યારે તેને સામાન્ય માનવામાં આવે છે. જ્યારે ૭ રિક્ટરની તીવ્રતાનો ભૂકંપ ગંભીર નુકસાન કરે છે. ભૂકંપ માત્ર જાન-માલનું નુકસાન જ નથી કરતું, પરંતુ ઈમારતો અને રસ્તાઓ વગેરેને પણ ઘણું નુકસાન પહોંચાડે છે.

## દેશની તિજોરી છલકાશે ! યુએઈ સાથેના કરારથી ભારતની દાગીનાની નિકાસમાં ૧૫ ટકાનો વધારો થશે

મુંબઈ,

યુનાઈટેડ આરબ અમિરાત સાથેકોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ કરીને ભારત સરકારે ડ્યૂટી મુક્ત આયાત અને નિકાસ કરવા માટેની વ્યવસ્થા ઊભી કરતા ભારતમાંથી યુનાઈટેડ આરબ અમિરાત અને તેના માધ્યમથી અખાતના તમામ દેશો અને નોર્થ અમેરિકાના દેશો સુધી દાગીના, ટેક્સટાઈલ અને દવાઓની નિકાસમાં વધારો થશે. આમ યુએઈના માધ્યમથી ભારત વિશ્વના અનેક દેશોમાં તેના ઉત્પાદનોની નિકાસમાં વધારો કરી શકશે. બીજીતરફ ભારત યુએઈથી સોનાની અંદાજે ૨૦૦ ટન જેટલી આયાત પણ ઓછી ડયૂટીથી થશે. અત્યારે ભારત યુએઈમાંથી અંદાજે ૭૦ ટન સોનાની આયાત કરે છે.

દાગીનાની નિકાસ સાથે સંકળાયેલા સુરતના દિનેશ નાવડિયાનું કહેવુંછે કે ભારત સરકારે યુનાઈટેડ આરબ અમિરાત સાથે કરેલા કરારને પરિણામે ભારતની અખાતાના દેશોમાંની નિકાસ બહુ જ ઓછા સમયમાં ૧૫ ટકા જેટલી વધી જશે. બીજું, ભારતને યુએઈના માધ્યમથી ઓછી ડયૂટીએ સોનાની આયાત કરવાનો બીજો એડવાન્ટેજ પણ મળશે. આમ ભારતની સોનાની કુલ ૮૦૦ ટનની આયાતમાંથી ૨૦૦ ટન ઓછી ડયૂટી સાથે ભારતના બજારમાં ઠલવાશે. તેનાથી એકથી બે ટકાનો વધારાનો એડવાન્ટેજ પણ ભારતના આયાતનકારોને મળશે. ગોલ્ડ અને ડાયમન્ડના દાગીનાની નિકાસ કરવા માટે આપણે અત્યાર સુધી ૫ ટકાની ડયૂટી દુબઈમાં ચૂકવતા હતા. હવે આ ડયૂટીના બોજમાંથી મુક્તિ મળશે. તેને પરિણામે ભારતના દાગીનાની સ્પર્ધાત્મકતા વધી જશે. પરિણામે ભારતની નિકાસમાં સરળતાથી પંદર ટકાનો વધારો આવી શકે છે.

## RBIએ ત્રણ બેંકને ફટકાર્યો દંડ અને એક પર પ્રતિબંધ!

નવીદિલ્હી,

બેંક ગ્રાહકો માટે કામના સમાચાર છે. ભારતીય રિઝર્વ બેંકે ત્રણ સહકારી બેંકને કુલ ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ દંડ આરબીઆઈના નિર્દેશોનું ઉલ્લંઘન કરવા માટે ફટકારવામાં આવ્યો છે.



કેન્દ્રિય બેંકે તેમના નિવેદનમાં જણાવ્યું, જમ્મુ-કાશ્મીરની બારામુલા સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ પર નવી થાપણો સ્વીકારવા પર રોક લગાવવાના આરબીઆઈના નિર્દેશોનું ઉલ્લંઘન કરવા માટે ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આરબીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે, લોન નિયમો અને વૈધાનિક/અન્ય નિયંત્રણો હેઠળ જાહેર કરાયેલા નિર્દેશોનું પાલન ન કરવા માટે ધ બીગ કાંચીપુરમ કો-ઓપરેટિવ ટાઉન બેંક લિમિટેડ (નંબર-૩) ને ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કેન્દ્રીય બેંકે એક અન્ય જાહેરાતમાં કહ્યું કે, તેમણે ચેન્નાઈ સેન્ટ્રલ બેંક કો-ઓપરેટિવ બેંક પર આવકની ઓળખ, સંપત્તિ વર્ગીકરણ, જોગવાઈ અને અન્ય સંબંધિત બાબતોના સંદર્ભમાં કેટલીક સૂચનાઓનું પાલન ન કરવા/ ભંગ કરવા માટે રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે.

આ પહેલા મહિનાની શરુઆતમાં જ આરબીઆઈએ મહારાષ્ટ્રની ઈન્ડિપેન્ડન્સ કો-ઓપરેટિવ બેંક લિમિટેડનું લાયસન્સ રદ કર્યું હતું. કેન્દ્રીય બેંકે કહ્યું ૩ ફેબ્રુઆરી ૨૦૨૨ પછી બેંક કોઈપણ કારોબાર કરી શકશે નહીં. બેંકની આર્થિક સ્થિતિને જોતા રિઝર્વ બેંકે ગત વર્ષે પણ નિયંત્રણો લગાવ્યા હતા. તે નિર્ણયને કારણે ગ્રાહકો ૬ મહિના સુધી પૈસા ઉપાડી શક્યા ન હતા. બેંકની ધંધાકીય પરિસ્થિતિમાં સુધારો ન થતાં હવે રિઝર્વ બેંકે લાયસન્સ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

આરબીઆઈએ આ મહિને વધુ એક સહકારી બેંક કર્નાટકના દેવાંગરેમાં સ્થિત મિલ્લાથ કો-ઓપરેટિવ બેંક પર પ્રતિબંધ વધુ ત્રણ મહિના માટે ૭ મે ૨૦૨૨ સુધી લંબાવ્યો છે. આરબીઆઈએ પ્રથમ વખત મે ૨૦૧૯ માં આ કો-ઓપરેટિવ બેંક પર પ્રતિંબધ લગાવ્યો હતો.

અગાઉ જાન્યુઆરી ૨૦૨૨ માં આરબીઆઈએ લખનઉની ઈન્ડિયન મર્કેટાઈલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ પર એક લાખ રૂપિયાની ઉપાડ મર્યાદા સહિત ઘણા નિયંત્રણો લગાવ્યા હતા. સહકારી બેંક તેમની મંજૂરી વગર કોઈપણ લોન, એડવાન્સ અથવા કોઈપણ રોકાણ મંજૂર અથવા નવીકરણ કરશે નહીં. જો તમારું પણ એકાઉન્ટ આમાંથી કોઈપણ બેંકમાં છે તો તમારે સાવધાન થઈ જવું જોઈએ.

# મહિસાગર સાહિત્ય સભા અને આદર્શ વિદ્યાલય લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

વિશ્વ માતૃભાષા દિવસ અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં ૫૧ સ્થળોએ કવ્યગાન અને કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. વિશ્વ માતૃભાષા દિવસ દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ ઊજવવામાં આવે છે. માતૃભાષાનું ઉદગમ સ્થાન આપણું ઘર પરિવાર જ હોય છે. જેથી આપણું ઘર પરિવાર જ ખરા અર્થમાં માતૃભાષાનો જીર્ણોદ્ધાર કરી શકવા સમર્થ છે. વિશ્વ માતૃભાષાની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા માતૃભાષાને જાળવી રાખવાનો છે. મહિસાગર સાહિત્ય સભા, લુણાવાડા અને આદર્શ વિદ્યાલય, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસે સમારંભ યોજાયો.

યુનેસ્કોએ નવેમ્બર, ૧૯૯૯એ આંતરરાષ્ટ્રીય માતૃભાષા ઊજવવાનો નિર્ણય કર્યો, ત્યારથી લઈને દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ આ દિવસ મનાવવામાં આવે છે. ૨૧ ફેબ્રુઆરીએ દેશની ભાષાકીય વિવિધતાને ઉજાગર કરવા માટે માતૃભાષા દિવસની ઉજવણી કરાય છે.

આ સમારંભના મુખ્ય વક્તા અને અધ્યક્ષ તરીકે ડો. જૈમિની શાસ્ત્રીએ મને મળી માતૃભાષા ગુજરાતી પર વકતવ્ય આપી માતૃભાષા નું જીવનમાં મહત્વ સમજાવી એક ગુજરાતી તરીકે આપણને આપણી માતૃભાષા પર ગર્વ કરવા જણાવ્યું હતું.

મુખ્ય અતિથિ તરીકે નગરપાલિકા લુણાવાડાના પ્રમુખ ભાવનાબહેન મહેતા, જિલ્લા શિક્ષણાધિકારી સુનિલભાઈ, મહીસાગર પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી પ્રદીપભાઈ, મહીસાગર સાહિત્ય સભાના અદયક્ષ નરેન્દ્રભાઈ જોશી, કવિયત્રી ઝલક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાની વિવિધ શાળાઓમાંથી આવેલા ૨૩ વિદ્યાર્થી ભાઈ–બહેનો દ્વારા કાવ્યગાન અને કાવ્યપાઠ અભિવ્યક્ત કર્યા.

પ્રારંભમાં મહીસાગર સાહિત્ય સભાના અદયક્ષ નરેન્દ્રભાઈ જોશીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

# સંતરામપુરના ખુંટ ગામે રોડ સાઈડની રેલીંગ ગાયબ...



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના બાયપાસ પાસે અને વાગ્યા ખુટ ગામે સ્ટેટ વિભાગ દ્વારા નાખવામાં આવેલી સાઈટની બાજુ માંથી લોખંડની રેલિંગ ગાયબ. સંતરામપુર નગરના બાયપાસ પાસે અને વાંઝીયા ખુટ ગામે સાઈડોમાં પંચાયત વિભાગ દ્વારા અને સ્ટેટ વિભાગ દ્વારા અકસ્માત ન સર્જાય ટર્નિંગ વિસ્તારોમાં અને ખાડામાં વાહન પડે તે માટે રેલિંગ ફીટ કરવામાં આવેલી હતી, પરંતુ ત્રણ માસની અંદર અસામાજિક તત્વો દ્વારા સરકારી મિલ્કતોની નુકસાન કરી રહ્યું છે અને લોખંડ ફીટ કરેલી રેલિંગ ની ઉઠાંતરી કરી હતી. અવર નવાર સરકારી મિલ્કતોની નુકસાન થતું હોય છે. નવી નાંખવામાં આવેલી રીંગ ત્રણ જ મહિનામાં ગાયબ થઈ ગઈ.

# વીરપુર કેળવણી મંડળમાં ૪૭ વર્ષના એક સાથે ૧૧ ફેરફાર રિપોર્ટ રજુ કરતા ૪ વાંધા અરજી

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની દેસાઈ સી.એમ હાઈસ્કુલ માં વીરપુર તેમજ આજુબાજુના ગામડાના હજારો બાળકો અભ્યાસ અર્થે આવે છે.આ વીરપુર કેળવણી મંડળના મૂળ ટ્રસ્ટીઓ આજે હયાત નથી જેમાં મોટા ભાગના ટ્રસ્ટીઓ ગુજરી ગયા છે. હાલ સરકારના રેકર્ડ પર અને ૧૯૭૩ ના વર્ષ માં ચાલતા ટ્રસ્ટીઓ જ વહીવટ કરતા આવે છે. સદર મોટા ભાગના તમામ ટ્રસ્ટીઓ ગુજરી ગયેલ છેતેમની જગ્યા એ ત્યારબાદ અને ૧૯૯૨ ના વર્ષ માં ફેરફાર રિપોર્ટ સરકાર ચેરિટી કમિશન કચેરીમાં મુકવામાં આવેલ સદર ફેરફાર રિપોર્ટ જે તે સમયે મદનીશ ચેરિટી કમિશનર રદ કરી ફાઈલે કરી દીધેલ હતો. ત્યારબાદ આજદિન સુધી સરકારની કચેરીમાં બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા કોઈ ફેરફાર રિપોર્ટ કે મંડળના હિસાબો રજૂ કરવામાં આવેલ નથી અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આ બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે. હજારો બાળકોની કરોડો રૂપિયા ફી ઉઘરાવી તાગડધિન્ના કરતા ટ્રસ્ટીઓ નીચે રેલો આવતા સફાળા જિમી ઉઠેલા ટ્રસ્ટીઓ બનાવટી વર્ષો જુના હિસાબો અને ગ્રામજનોને ઉઠા ભણાવી ખોટી સહીઓ કરાવી પોતે કરેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર માંથી સહી સલામત નીકળવા અવનવા પેતરા રચી રહ્યા છે. સ્કૂલ ની શિક્ષણની ગુણવત્તા ના નામે મીંડું કરતા આ ટ્રસ્ટીઓ જાણે આ વીરપુર દેસાઈ સી.એમ હાઈસ્કુલ પોતાને કમાવાની હાટડી ખોલીને બેઠા હોય તેમ ગરીબ બાળકોની તગડી ફી ઉઘરાવી તાગડધિન્ના કરવાંમાં મશગુલ હોઈ તેમ દેખાઈ રહ્યું છે. સ્કૂલ ના વિકાસના નામે મીંડું કરવામાં મહેર આ ટ્રસ્ટીઓ વર્ષોથી કચેરીમાં કોઈ ફેરફાર રિપોર્ટ કે ઓડિટના હિસાબો રજૂ કરેલ ન કરેલ અને સરકાર ના ચોપડે હાલ પણ ગુજરી ગયેલા ટ્રસ્ટીઓના નામે વહીવટ ચલાવામાં આવતા આવા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરી રહેલા ટ્રસ્ટીઓ સામે વડોદરા નાયબ ચેરિટી કમિશનરમાં ફરિયાદ દાખલ થતા ઉગમાંથી ઉઠેલા આ ટ્રસ્ટીઓ પોતાના પગમાં રેલો આવતા લુણાવાડા જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરી દ્વારા ૧૯૭૪ થી આજદિન સુધીના ના ૧૧ ફરફાર રિપોટો રજુ કરતા મયંક જોષી સહિત ત્રણ અરજદારોએ વાંધા અરજી આપી હતી ત્યારે આજે મુદાતના દિવસે વધુએક પ્રેગ્નેશ શુક્લ દ્વારા વાંધો રજૂ કરતા ૨૨ માર્ચના રોજ જવાબો રજૂ કરવા મુદત લાબાઈ હતી.

# લુણાવાડા શહેરમાં રહેણાંક અને કોર્મશીચલ ગેરકાયદેસર બાંધકામને રોકવા પાલીકા દ્વારા નોટીસ આપવા છતાં બાંધકામ પુરજોશમાં



> નગર પાલિકા દ્વારા ગેરકાયદેસર બાંધકામ રોકવા માટે નોટીસ આપ્યા બાદ બાંધકામ ચાલુ રહેતા અરજદાર અવારનવાર પાલિકા કચેરીમાં બાંધકામ એન્જીનિયર અજયભાઈને મળ્યો હોય પરંતુ બહાના કાઢીને બાંધકામ સ્થળ ઉપર આપ્યા ન હોય તે જોતાં જાણે બાંધકામ પુરુ કરવામાં રસ દાખવતા જોવા મળ્યા હતા.
> : અરજદાર મંજુર અહેમદ રસીદ :

લુણાવાડા,

લુણાવાડાના જવાહર ચોક મસ્જીદ પાસે કોર્મશીચલ અને રહેણાંક બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવતાં પાલિકા દ્વારા નોટીસ આપીને બાંધકામ બંધ કરવા છતાં બાંધકામ ચાલુ રાખતા સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મહિસાગર જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા પાલિકા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામોને પાલિકા દ્વારા નોટીસ આપવામાં અવાર–નવાર અપાતી હોય છે પરંતુ આવા ગેરકાયદેસર બાંધકામો ઉપર કાર્યવાહી કરવામાં આવી હોય તેવું દયાન ઉપર આવતું નથી. જેને લઈ ગેરકાયદેસર દબાણકર્તાઓ બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. લુણાવાડા જવાહર ચોક જુમ્મા મસ્જીદ પાસે રસ્તાની પશ્ચિમ દિશામાં કોર્મશીચલ અને રહેણાંક બાંધકામ પાલિકા તંત્રની રજા ચિઠ્ઠી પરવાનગી વગર નગર પાલિકાના નિયમો ભંગ કરી બાંધકામ કરતા તાત્કાલીક ધોરણે પાલિકા દ્વારા બાંધકામ બંધ કરવા નોટીસ આપવામાં આવી છે. અને નોટીસમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ગંભીર નોંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેમ છતાયં બાંધકામ કર્તા દ્વારા પાલિકાની નોટીસને ઘોરી પી જઈને બાંધકામ ચાલુ રાખ્યું હોય જેને લઈ સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# મહેમદાવાદના તત્કાલીન મહિલા મામલતદારને ૪ વર્ષની સજા, લાંચ સ્વીકારી નહી પરતું વોઈસ રેકોર્ડિંગના આધારે ફસાયા



ખેડા,

ખેડા જિલ્લાના મહેમદાવાદમાં મામલતદાર કચેરીમાં વર્ષ ૨૦૧૩માં ફરજ બજાવતા મહિલા મામલતદારે નવી શરત જમીનમાંથી જૂની શરતના હુકમની પડેલી કાચી એન્ટ્રી મંજૂર કરવા બદલ રૂપિયા ૧૫ હજારની લાંચની માંગણી કરી હતી. તત્કાલીન મહિલા મામલતદાર તેમના મળતીયા સાથે મળી ફરિયાદી સાથે ટેલિફોનિક વાત કરતા રેકોર્ડીંગમાં પકડાઈ ગયા હતા. આ બનાવમાં આજે નડિયાદ કોર્ટે મામલતદાર તેમજ તેમના મળતીયા કોમ્પ્યુટર ઓપરેટરને કસૂરવાર ઠેરવી ૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

૧૫ હજારની લાંચની માગણી મામલે ઝડપાયેલા મહેમદાવાદના તત્કાલીન મહિલા મામલતદાર અને કોમ્પ્યુટર ઓપરેટરને કોર્ટે ૪ વર્ષ કેદની સજા ફટકારતા લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. મહત્વનું છે કે છઝમ્એ લાંચના છટકા માટે કરેલા વોઈસ રેકોર્ડીંગને કોર્ટે માન્ય રાખી સજા ફટકારી હતી.

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા કાનનબેન ઉષાકાંત શાહ વર્ષ ૨૦૧૩મા ખેડા જિલ્લાના મહેમદાવાદ ખાતેની મામલતદાર કચેરીમા મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. ફરજ દરમિયાન તેમણે પોતાના તરફથી રૂપિયા લેવા માટે મામલતદાર કચેરીમા કોમ્પ્યુટર ઓપરેટર ફરજ બજાવતા સમીરખાન જફરુલ્લાખાન પઠાણ (રહે. ભોજા તલાવડી સામે, નડીઆદ)ને રાખ્યો હતો. મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામા નજીરમીયા નવાઝમીયા મલેકે ગત ૭મી મે ૨૦૧૩ના રોજ ગામ કેસરા, તા.મહેમદાવાદ, ખાતે આવેલ બ્લોક સર્વે. નં.૯૧૮ની જમીન વેચાણ દસ્તાવેજ આધારે ખરીદી કરી હતી અને એલ આર.સી કરી દસ્તાવેજ કર્યો હતો. જેતે વખતે વેચાણની કાચી નોધ પણ પડી ગઈ હતી.આથી જૂની શરતના હુકમની નોંધ પ્રમાણિત કરાવવા સારુ તેઓએ આ સમયના મહેમદાવાદના મામલતદાર કાનનબેન શાહનો સંપર્ક કર્યો હતો. જે નોંધ પ્રમાણિત કરાવાવ સારું કાનનબેન શાહે રૂપિયા ૧૫ હજારની લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી નઝીરમિયાએ નડિયાદ છઝમ્નો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. જે ફરીયાદ આધારે બે સરકારી પંચો મેળવી વોઈસ રેકોર્ડરનો ઉપયોગ કરી લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે છટકામા આરોપી કાનનબેન શાહ તથા આરોપી સમીર પઠાણે એકબીજાના મેળાપણામા ફરિયાદી સાથે લાંચની માંગણી અંગેની હેતુલક્ષી વાતચીત કરી આરોપી કાનનબેન શાહ તથા આરોપી સમીરખાન જફરુલ્લાખાન પઠાણ, કોમ્પ્યુટર ઓપરેટર (ખાનગી વ્યકિત)નાઓ રૂપિયા ૧૫ હજારની લાંચની માંગણી કરી જે વોઈસ રેકોર્ડીંગમાં રેકોર્ડ થઈ ગયું હતું જોકે આરોપીઓને શંકા જતા ફરીયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારેલ નહોતી.

# ડેરા સચ્ચા સૌદાના વડા બાબા રામ રહીમને ઝેડ શ્રેણીની સુરક્ષા આપવામાં આવી



ચંડીગઢ,

હરિયાણા સરકારે એડીજીપી (સીઆઈડી)ના રિપોર્ટના આધારે ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમને જેલમાંથી મુક્ત કરવા પર ઝેડ-પ્લસ શ્રેણીની સુરક્ષા પૂરી પાડી હતી. રિપોર્ટ અનુસાર, રામ રહીમને ખાલિસ્તાન તરફી કાર્યકરો તરફથી તેમના જીવને ખતરો હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમણે ૬ ફેબ્રુઆરીએ પત્ર જારી કરીને આ અંગે હાઈકોર્ટને જાણ કરી હતી. હાઈકોર્ટમાં રજૂ કરાયેલા રેકોર્ડ પરથી એ વાત પણ સામે આવી છે કે ડેરા ચીફને ખાલિસ્તાન તરફી તત્વોનો ખતરો છે. આ કારણે રાજ્ય સરકાર દ્વારા ફર્લો પર જેલમાંથી મુક્ત થયા બાદ તેમને ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. રેકોર્ડની તપાસમાં જાણવા મળ્યું છે કે એડવોકેટ જનરલના કાનૂની અભિપ્રાય લીધા પછી ડેરા વડાને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

૨૫ જાન્યુઆરીએ આપવામાં આવેલા અભિપ્રાયમાં, એડવોકેટ જનરલ એ કહ્યું હતું કે ડેરા વડાને હરિયાણા ગુડ કન્ડક્ટ પ્રિઝનર્સ એક્ટ હેઠળ 'હાર્ડ કોર ગુનેગારહ્ન તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં. એજીના જણાવ્યા અનુસાર, ડેરા વડાને આ હત્યાઓ માટે માત્ર તેના સહ-આરોપીઓ સાથેના ગુનાહિત કાવતરા માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે અને વાસ્તવિક હત્યાઓ માટે નહીં.ઉલ્લેખનીય છે કે રામ રહીમને ફર્લો કરવાના મામલામાં હરિયાણા સરકારે સોમવારે હાઈકોર્ટમાં સંપૂર્ણ રેકોર્ડ સોંપ્યો હતો. સરકારે સ્પષ્ટતા કરી કે ફર્લોનો નિર્ણય નિયત પ્રક્રિયા મુજબ લેવામાં આવ્યો છે. હાઈકોર્ટનો સમય પૂરો થવાને કારણે હવે સુનાવણી બુધવારે નક્કી કરવામાં આવી છે. બીજી તરફ પંજાબના સામનાથી અપક્ષ ઉમેદવાર પરમજીત સિંહ સોહાલીએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરતી વખતે હરિયાણા સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા.

અરજીકર્તાએ કહ્યું કે પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા રામ રહીમને રાજકીય લાભ લેવા માટે ફર્લો આપવામાં આવ્યો છે. અરજદારે કહ્યું કે રામ રહીમનો પંજાબની ઘણી સીટો પર ઊંડો પ્રભાવ છે અને આવી સ્થિતિમાં તેની રજા પંજાબની શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. અરજદારે કહ્યું કે રામ રહીમના છૂટા થવાથી ચૂંટણીની નિષ્પક્ષતા પર પણ અસર થશે. રામ રહીમને સજા સંભળાવવામાં આવી ત્યારે પણ પંચકુલામાં ભારે હિંસા થઈ હતી. આવી સ્થિતિમાં હરિયાણા સરકારનો આ નિર્ણય સંપૂર્ણપણે ખોટો છે. બળાત્કાર અને હત્યા જેવા ગંભીર કેસમાં દોષિત હોવાને કારણે, તેને હરિયાણા ગુડ કન્ડક્ટ પ્રિઝનર્સ એક્ટ હેઠળ છૂટા કરવાનો અધિકાર નથી.

# રાજકોટઃ તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રીના ભત્રીજાએ જાહેરમાં ભડાકા કર્યા



રાજકોટ,

રાજકોટ શહેરમાં લુખ્ખા તત્વો બેફામ બન્યા હોય તેમ એક બાદ એક આતંક ફેલાવાની ઘટનાઓ સામે આવી રહી છે. છેલ્લા ૪૮ કલાકમાં રાજકોટના પ્રદ્યુમન નગર પોલીસ મથકમાં તેમજ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં લુખ્ખા તત્વોના આતંકની બે જેટલી ઘટના સામે આવી છે. જેમાં તાલુકા પોલીસ મથક વિસ્તારમાં આવેલા શાંતિનગરમાં તલવાર તેમજ બેઝબોલના ધોકા સાથે દેખાનાર અસામાજિક તત્વોની પોલીસે ધરપકડ કરી છે. જ્યારે બીજી તરફ રાજકોટમાં ખુદ ભાજપ આગેવાનના ભત્રીજા દ્વારા ખુલ્લેઆમ ફાયરિંગ કરવામાં આવી રહ્યું હોવાનો વીડિયો વાયરલ થયો છે.

વાયરલ થયેલા વીડિયો મામલે પોલીસે ભાજપ આગેવાનના ભત્રીજાની શોધખોળ શરૂ કરી છે. જોકે, હજુ સુધી ભાજપ આગેવાનના ભત્રીજા સુધી પોલીસ પહોંચી શકી નથી. સતત આવી ઘટનાઓ સામે આવી રહી હોવાથી હાલ એવો ઘાટ ઘડાયો છે કે જાણે રાજકોટ શહેર પોલીસની ધાક ધીમે ધીમે ઓસરી રહી છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાધે ક્રિષ્ન સોસાયટીમાં ભૂમાફિયાઓનો આતંક સામે આવ્યો હતો. ભૂમાફિયાઓ ના આતંકના કારણે પાટીદાર કારખાનેદાર અવિનાશભાઈ ધુલેશીયાનું સારવાર દરમિયાન મોત પણ નીપજ્યું હતું. સમગ્ર મામલે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા તપાસ સીઆઈડીને સોંપવામાં આવી છે.

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલા મોટેલ ધ વિલેજ પાસે ફોર્ચ્યુનર જેવી દેખાતી કાર પાસે ઊભા રહી એક યુવક ફાયરિંગ કરતો હોય તે પ્રકારનો વીડિયો વાયરલ થયો છે. વાયરલ થયેલા વીડિયોમાં હવામાં ફાયરિંગ કરનાર શખ્સ રમેશ ખીમાણીયા હોવાનું સામે આવ્યું છે. પોલીસ વિભાગમાંથી મળતી માહિતી મુજબ રમેશ ખીમાણીયા વાજડી ગામનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. બનાવ બાદ યુનિવર્સિટી પોલીસ રમેશ ખીમાણીયાના ઘર સુધી પણ દોડી ગઈ હતી. જોકે, રમેશ ખીમાણીયા હાથમાં ન આવ્યો હોવાનું પોલીસનું કહેવું છે. સામાન્ય સંજોગોમાં પોલીસ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના માધ્યમથી આરોપીઓને શોધી કાઢતી હોય છે. પરંતુ કદાચ ભાજપના આગેવાન વિક્રમ ખીમાણીયાનો ભત્રીજો હોવાના કારણે પોલીસની નીતિ કૂણી બની ગઈ હોવાનું લાગી રહ્યું છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીયાત વર્ગને શાંતિ જણાશે, કામકાજમાં સામાન્ય ઉચાટ જણાશે, વિવાદિત કાર્યોથી દૂર રહેવું, તબિયત બાબતે કાળજી રાખવી.

વૃષભ (બ.વ.ઉ.) : સંતાનોના પ્રશ્નોમાં સમાધાન મળશે, દામ્પત્ય જીવનમાં સામાન્ય અશાંતિ જણાશે, કામકાજમાં ઓછો સહયોગ મળશે, ધંધા-વેપારમાં સાચવીને કામ કરવું.

મિથુન (ક.છ.ઘ.) : કામના ભારને હળવો કરી શકશો, સહકર્મચારીના સંબંધોમાં સુધારો જણાશે, સહકર્મચારીઓનો સહયોગ મળશે, પારિવારિક પ્રશ્નોમાં હળવાશ અનુભવશો.

કર્ક (ડ.હ.) : યાત્રા-પ્રવાસમાં સાવધાની રાખવી, નવી વસ્તુ ખરીદવાથી લાભ જણાશે, આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે, પદ અને પરિવારને સરખું મહત્વ આપો.

સિંહ (મ.ટ.) : આવકના નવા સાધનો મળશે, સમસ્યાઓમાં સમાધાન મળશે, વિરોધીઓથી પરેશાની વધશે, કોઈ કામમાં ઉતાવળ કરવી નહીં.

કન્યા (પ.ઠ.ણ.) : ધર્મકાર્ય માટે બહાર જવું પડે, સ્નેહીજનોની મુલાકાતથી લાભ થશે, આજે ઉત્તમ આનંદ મેળવી શકશો, ધનપ્રાપ્તિ માટે અધિક મહેનત કરવી પડશે.

તુલા (ર.ત.) : કામકાજમાં અનુકૂળતા જણાશે, તબિયત બાબતે કાળજી રાખવી, કામ વધારે છતાં આનંદ જણાશે, મનોકામનાની પૂર્તિ માટે સારો સમય છે.

વૃશ્ચિક (ન.ય.) : રોકાયેલા કાર્યો પૂરા થશે, આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે, જમીન વાહન લે-વેચથી લાભ જણાશે, ધંધામાં મહેનત વધારે કરવી પડશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : રોકાણના નિર્ણયમાં ઉતાવળ કરવી નહીં, વાણી વ્યવહારમાં નમ્રતા રાખવી, સગા-સંબંધીઓમાં તનાવ જણાશે, પારિવારિક સંબંધોમાં સાચવીને કામ કરવું.

મકર (ખ.જ.) : વડીલવર્ગની તબિયત વિશે ચિંતા રહેશે, થોડી બેચેની અને કામની ચિંતા રહેશે, અગત્યના નિર્ણયો સાચવીને કરવા, કામકાજમાં સંભાળીને કરવું.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામમાં નવા અવસરો મળશે, સંપત્તિ સંબંધી વિવાદોમાં સફળતા મળશે, ભાગ્યોદય માટે ઉત્તમ તકો મળશે, દામ્પત્ય સુખમાં વૃદ્ધિ થશે.

મીન (દ.ચ.ઝ.થ.) : મહત્વના કાર્યોમાં સફળતા સહયોગ મળશે, વ્યક્તિગત કામમાં ધ્યાન આપી શકશો, સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી, જીવનસાથી સાથે મતભેદ જણાશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ રેલ્વે સ્ટેશનના સફાઈ કામદારો ત્રણ દિવસથી હડતાળ પર : ગંદકીનું સામ્રાજય

દાહોદ,

દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન ખાતે સફાઈ કરતાં કામદારો છેલ્લા ત્રણ દિવસથી પોતાના પગાર વધારા અને પીએફ મામલે કામકાજથી અળગા રહી હડતાળ ઉપર ઉતરી ગયાં છે. આજરોજ અંદાજે ૨૫ જેટલા સફાઈ કામદારોએ રેલ્વે સ્ટેશન વિસ્તાર ખાતે પહોંચી સંબંધીત અધિકારીઓને પોતાના પ્રશ્નો બાબતે રજુઆત કરવા ગયાં હતાં જ્યાં રેલ્વેના સંબંધિત અધિકારીઓએ દ્વારા સફાઈ કામદારોના પ્રશ્નોની વાચા આપવાને બદલે આંખ આડા કાન કરતાં સફાઈ કામદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સફાઈ કામદારોના જણાવ્યાં અનુસાર, પોતાના પગાર સંબંધિ પ્રશ્નોનું જ્યાર સુધી યોગ્ય નિરાકરણ નહીં આવે ત્યાર સુધી અચોક્કસ મુદની હડતાળ જારી રહેશે. રેલ્વેના સફાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કામદારોની હડતાળને પગલે રેલ્વે સ્ટેશન પરિસર સહિત સમગ્ર રેલ્વે સ્ટેશન વિસ્તારમાં અસહ્ય ગંદકી તેમજ કચરાએ સામ્રાજ્ય જમાવી રાખ્યું છે.

દાહોદ રેલ્વે સ્ટેશન વિસ્તારના પરિસર સહિત સમગ્ર રેલ્વે સ્ટેશન ખાતે છેલ્લા કેટલાંક દિવસોથી અસહ્ય ગંદકી તેમજ કચરામો જમાવડો જોવા મળી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં ગંદકી જોવા મળી રહી છે. રેલ્વે સ્ટેશને આવતાં મુસાફરો આ ગંદકીને કારણે હેરાન પરેશાન પણ થઈ રહ્યાં છે. કચરો અને ગંદકીની સાફ સફાઈ ન થવાનું મુખ્ય કારણ રેલ્વેના સફાઈ કામદારો છેલ્લા ત્રણ દિવસથી હડતાળ ઉપર ઉતરી જવાનું છે. આજરોજ રેલ્વેના સફાઈ કામદારો દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પહોંચી ગયાં હતાં જ્યાં પોતાના પગાર સંબંધી રજુઆતો સંબંધિત રેલ્વે અધિકારીઓને કરવા ગયાં હતાં પરંતુ રેલ્વે અધિકારીઓ દ્વારા તેઓને કોઈ આશ્વાસન ભર્યો જવાબ ન અપાતા રેલ્વેના સફાઈ કામદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. અંદાજે ૨૫ જેટલા સફાઈ કામદારોના જણાવ્યાં અનુસાર, અગાઉ પણ પગાર સંબંધિ મામલે પોતાને હડતાળ ઉપર ઉતરવાની ફરજ પડી હતી. સફાઈ કામદારોની માંગણી એ છે કે, સાત હજાર પગાર અને બારસો રૂપીયા પીએફ આપવામાં આવશે તોજ ફરી કામકાજ ઉપર જોડાઈશું, તેવી સફાઈ કામદારો દ્વારા માંગણી કરવામાં આવી છે. વધુમાં તેઓના જણાવ્યાં અનુસાર, પગાર રાબેતા મુજબ થતો નથી માટે પગાર રાબેતા મુજબ થાય તેવી માંગણી પણ કરવામાં આવી રહી છે. પગાર નિયમીત ન થવાને કારણે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલી બની રહે છે. કોન્ટ્રાક્ટ અને રેલ્વે તંત્રના અધિકારીઓ પોતાની રજુઆતો સાંભળતા નથી હોવાના સફાઈ કામદારો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સફાઈ કામદારોના પ્રશ્નો મામલે ન તો રેલ્વેના કોઈ સંબંધિત અધિકારીઓ બોલવા સુધ્ધા તૈયાર થતાં નથી અને સફાઈ કામદારના કોન્ટ્રાક્ટર પણ દેખાતાં નથી. દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે સફાઈ કામદારોના પડતર પ્રશ્નો મામલે સફાઈ કોન્ટ્રાકટર અને રેલ્વે અધિકારીઓ દ્વારા હાથ અધ્ધર કરી દીધાં હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. ત્યારે સમગ્ર મામલે સફાઈ કામદારોના પગાર સંબંધિત પડતર પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે. ત્યારે દાહોદ રેલ્વે સ્ટેશન પરિસર અને સમગ્ર રેલ્વે સ્ટેશન વિસ્તાર ખાતે હાલ ગંદકી અને કચરાએ પોતાનું સામ્રાજય જમાવી રાખ્યું છે. પશુઓના મળમુત્ર સહિત સંડાસ, બાથરૂમમાં પણ અસહ્ય ગંદકી ફેલાઈ જવા પામી છે. પ્લેટફોર્મ સહિત રેલ્વે સ્ટેશન વિસ્તાર ખાતે કચરો પણ અસહ્ય જોવા મળી રહ્યો છે.

# માઈક્રોડોનેશન, કાર્યાલય નિર્માણ, વન ડે વન ડીસ્ટ્રીક્ટ જેવા વિષયો માટે ફતેપુરા, સંજેલી અને ઝાલોદ ભાજપની મીટીંગ યોજાઈ

દાહોદ,

આગામી કાર્યક્રમો જેવા વિષયોને લઈને દાહોદ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયારના પ્રમુખ સ્થાને તેમજ મહામંત્રી નરેન્દ્ર સોનીની વિશેષ ઉપસ્થિતમાં આજ રોજ ફતેપુરા, સંજેલી અને ઝાલોદ ગ્રામ્ય મંડલની મીટીંગ યોજાઈ હતી.



આજ રોજ જીલ્લા ભાજપ દ્વારા ફતેપુરા, સંજેલી અને ઝાલોદ ગ્રામ્ય મંડલની પાર્ટીની જવાબદારી નિભાવતા પદાધિકારીઓની વિશેષ મીટીંગ યોજાઈ હતી.જેમાં મોદી એપ દ્વારા ચાલતા માઈક્રોડોનેશનમાં દરેક કાર્યકર્તા પાંચ રૂપિયા લઈને એક હજાર રૂપિયા સુધી દાન કરે તેવી અપિલ કરવામાં આવી હતી. જીલ્લા ભાજપનું ભવ્ય અને દિવ્ય કાર્યાલયનું નિર્માણ થઈ રહ્યું છે. તેની પ્રત્યેક ઈટ ચણતરમાં કાર્યકર્તાઓનું યોગદાન રહે તે માટે સારો ફાળો આપવા સમજ આપવામાં આવી હતી.

આવનારા સમયમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ વન ડે વન ડીસ્ટ્રીકટ યોજના અંતર્ગત દાહોદ જીલ્લાના પ્રવાસે આવનાર છે. ત્યારે બાકી રહેતા સંગઠના તમામ કાર્યો પુર્ણ કરવા જણાવાવામાં આવ્યું હતું. આમ ત્રણેય તાલુકામાં જીલ્લા પ્રમુખ, મહામંત્રીના ઝંઝાવાતી પ્રવાસ થતા સમગ્ર સંગઠન એક્શન મોડમાં આવી ગયું હતું.

આ મીટીંગમાં જીલ્લા પ્રમુખ શંકરભાઈ અમલીયાર, જીલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, મંડલ પ્રભારી મુકેશભાઈ બંમ, નિલમબેન ડિંડોર, રામાભાઈ પારગી, નાનુભાઈ ભગોરા, જીતેન્દ્રસિંહ રાઠોડ તેમજ જીલ્લા અને તાલુકાના પદાધિકારીઓ, જીલ્લા સભ્યો, તાલુકા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જૈન સંઘમાં ત્રણ જૈનાચાર્યનું આગમન થતાં દાહોદ શહેરમાં ધર્મ ઉલ્હાસનો માહોલ સર્જાયો

દાહોદ,

જૈન દીક્ષાયુક્ત પ્રવર્તક વીસમી સદીના સુપ્રસિધ્ધ જૈનાચાર્યશ્રી વિજયરામચન્દ્રસુરીશ્વરીજી મહારાજાના સમુદાયના તેજસ્વી સિતારા –જીર્ણોદ્ધાર જ્યોતિધર આધ્યાત્મિક પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા, જૈનાચાર્યશ્રી વિજય અક્ષયભદ્રસુરીજી જૈનાચાર્યશ્રી વિજય પુણ્યપ્રભસૂરિજી મ.આદિ (૨૫) જૈન શ્રમણ ભગવંતોનું તથા (૨૮) જૈનશ્રમણી ભગવંતોનું તા.૨૨ ફેબ્રુઆરીના સવારે ૮–૦૦ કલાકે દાહોદ નગર શ્રીસીમંધરસ્વામી જીનાલયે આગમન નિમિત્તે શ્રી દાહોદ જૈન સંઘ તરફથી ભવ્ય સામૈયું થયું હતું. ૮–૩૦ કલાકે જૈનાચાર્યના મંગલા ચરણ બાદ પૂજ્ય પંન્યાસશ્રી પુણ્યરક્ષિતવિજયજી મહારાજે શ્રાવકના દૈનિક કર્તવ્ય વિષય પર પ્રેરણા દાયી પ્રવચન થયું હતું ત્યાર બાદ જૈનાચાર્યએ જીવનમાં ધર્મની આવશ્યકતા વિષય પર મનન્ય પ્રવચન આપ્યું હતું. શ્રી સંઘ તરફથી નવકારશ્રીના લાભાર્થી ડૉ.મનોજભાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

જંયતિલાલ મહેતાનું બહુમાન થયું હતું. બપોરે ત્રણ કલાકે શ્રાવિકા બહેનો માટે જૈન શ્રમણી ભગવંતનું પ્રવચન થયું હતું તેમજ રાત્રીના ૮ કલાકે યુવાનો તથા શ્રાવક ભાઈઓ માટે મારૂં જીવન સુગંધીત બને વિષય પર પ્રવચનનું આયોજન થયું હતું. તારીખ ૨૩ ફેબ્રુઆરીના સવારે ૭–૦૦ કલાકે જૈનાચાર્યો ચતુર્વિધશ્રી શ્રી સંઘ સાથે દાહોદ શ્રી સંઘના શ્રી ચિંતામણિ પ્રાર્શ્વનાથ જીનાલયે દર્શાનાર્થે પધારશે તેમજ મનોજભાઈ મહેતાના ગૃહાગણે જૈનાતાર્યોની પધારમણી તથા પ્રવચન થશે. શ્રી દાહોદ જૈન સંઘમાં ઘણા સમય બાદ ગ્રાઉન્ડમાં ૫૦ થી અધિક જૈન શ્રમણ, શ્રમણી ભગવંતોની પધારમણીથી શ્રી સંઘમાં ખુબજ સુંદર ધર્મ ઉલ્હાસનો માહોલ સર્જાયો હતો. શ્રી સંઘે પુનઃ પધારવા વિનંતી પણ કરી હતી. જૈનાચાર્યો વિશાળ શ્રમણ, શ્રમણી ભગવંતો સાથે પુર્વ ભારતના કોલકત્તા શહેરમાં ચાર્તુમાસ નિમિત્તે પધારી રહ્યાં છે. આગામી સંભવિત વિહાર યાત્રાના કાર્યક્રમ મુજબ તારીખ ૨૫ ફેબ્રુઆરીના મધ્ય પ્રદેશના પીટોલ નગરે પહોંચશે. તારીખ ૨ માર્ચના મોહનખેડા, તારીખ ૦૪ માર્ચ ભોપાવર તીર્થે પહોંચશે, તારીખ ૦૫ માર્ચના ભોપાવર તીર્થે જીનાલયની સાલગીરી પ્રસંગે નિશ્રા પ્રદાન કરશે. જૈનાચાર્યોની પદ યાત્રા વિહાર યાત્રાથી ગામો ગામ જૈનધર્મની સુંદર શાસન પ્રભાવના થઈ રહી છે.

# ગોધરાના મોટી કાંટડી ગામે નર્મદા કેનાલમાં લપસી પડેલ ૧૬ વર્ષીય યુવક નહીં મળતા ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના વાલૈયા ગામના ૧૬ વર્ષીય યુવક મોટી કાંટડી ગામે હાઈસ્કુલમાં અભ્યાસ કરવા જતી વખતે નર્મદા કેનાલના પાણીમાં પગ લપસી જતાં પાણીમાં પડી ગયેલ અને મળી નહીં આવતા ગુમ થયાની ફરીયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના વાલૈયા ગામે રહેતા અશ્વિનભાઈ ચંદુભાઈ ઉ.વ.૧૬ મોટી કાંટડી ગામે સરસ્વતી વિદ્યા મંદિરમાં હાઈસ્કુલમાં અભ્યાસ કરવા જતાં હતો. દરમિયાન મોટી કાંટડી ગામે નર્મદા કેનાલના પાણીમાં પગ ધોવા જતા પગ લપસી પાણીમાં પડી જઈ મળી નહી આવી ગુમ થયેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# દે. બારીયા તાલુકાની જીવાદોરી સમાન પાનમ નદીનો જળ સ્તર નીચે ગયો : પાનમ નદી માંથી ગેરકાયદેસર રેતીના ખનન પર લગામ લગાવે તે જરૂરી બન્યું

દે.બારીયા,

દાહોદ જીલ્લા અને પંચમહાલ જીલ્લાની મોટી નદી બન્ને જીલ્લાની જીવાદોરી ગણાય છે. સંતરોડ અને દે.બારીયા શમહેરની દક્ષીણેથી પસાર થતાં પાનમ નદીના પટમાં સોનારૂપી ખનિજને કાચું સોનુ કહેવું યોગ્ય છે. રાજ્ય અને અન્ય પાસેના રાજ્ય તથા કંડલા બંદર થી બહારના દેશોમાં એકસપોર્ટ થાય છે. એક ટન રેતીના બે હજાર થી પચ્ચીસો રૂપીયામાં બાંસવાડામાં આપણા ગુજરાતનું કાચું સોનું રેતી માફિયાઓ વેચાણ કરે છે. આ પાનમ નદી માંથી ઉંચવાણ, જુના બારીયાૃ ભુસાળ, કાલીયાગોટા, સંતરોડમાં ખનિજ માફિયાઓ સક્રીય છે. રેગ્યુલર લીઝોની આડમાં ગેરકાનુની લીઝોવાળા હાલમાં રેતીનું બમ્પર સ્ટોક કરી રહ્યા છે અને ઉંચા ભાવે અન્ય પાસેનો બાંસવાડા મુકામે વેચાણ કરીને બમણા નાણાં કમાવવાનો શોર્ટકટનો ધંધો ફુલો ફાલ્યો છે. જેના કારણે સામે આવતા કારમાં ઉનાળાની ૪૮ ડીગ્રીમાં પશુઓ, પક્ષીઓ તથા તટ ઉપર વસતા લોકોને પાણીના વલખાં થશે તેમાં બેમત નથી. આ ગંભીર પરિસ્થિતી ઉત્પન્ન થતા પહેલા દાહોદ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

જીલ્લાના કલેકટર એક જાહેરનામું બહાર પાડીને અને જાહેર જનતા અને ખાસ કરીને અબોલા જાનવરો માટે વહેલામાં વહેલી તકે પાણી એક જીવન છે. તેવું સાર્થક કરી બતાવવા માટે રેતી માફિયાઓ ગગનચુંબી ગેરકાનુન રીતે રેતીનો સ્ટો ખડકલો કર્યો છે. તેને જોઈને અને આ રેતી સ્ટોકની પરવાનગી સામાન્ય વ્યકિતઓને મળતી નથી. તો આ રેતીના ગેરકાનુની બમ્પર સ્ટોક કોની રહેમનજરે કરાયો છે તેની તટસ્થ તપાસ થવી જોઈએ કે નહી તે એક ભારતીય હશે તેનું મનસુચક બોલી ઉઠશે કે આપણા ગરવી ગુજરાતનું ખનિજ કોણ લુંટી રહ્યું છે ? કોણ દેશનો ગદ્દાર છે ? રેતીના ખડકલા કરનારા રેતી માફિયાઓને અટકાવવા પડશે નહીં તો આ બન્ને દાહોદ અને પંચમહાલ જીલ્લા માંથી પસાર થતી પાનમ નદીના તટ ઉપર વસ્તા ગ્રામ્યના પશુ પક્ષીના જનજીવન ઉપર પાણીના અભાવ થશે તે પહેલા ગેરકાનુની અને લીગલી લીઝ ધારકોને રોકવાનો આદેશ આપવો જ રહયો હાલ થી પીવના પાણીના સ્ત્રોત ગણાતો જો નીચા જતા અટકાવવામાં નહીં આવે તો પરિસ્થિતીનો ગંભીર પરિણામો વેઠવાનો વારો આવશે. સ્થાનિક ટ્રાફિક પોલીસ ખાણ–ખનિજ વિભાગ અને વહીવટી તંત્રના અધિકારી હમણાં થી એકસનમાં આવે કે પછી મેળાપીપણા કરીને આંખ આડા કાન કરાશે ? એક ડમ્પર ટ્રકના રૂ.૧૦૦૦/– થી ૧૫૦૦/– સુધીનો એકમાસનો હપ્તો ચાલે છે. આ ગેરકાનુની હપ્તા ઉઘરાવવાવાળા ટ્રાફિક પોલીસના મળતીયાઓ છે તેઓ પણ ગેરકાનુની રીતે કમાણીના ભાગીદારીમાં ફોર વ્હીલ ગાડી લઈને હપ્તા ઉઘરાવતા હોય છે. તેવું જનતામાં ચર્ચાઈ રહ્યું છે. આવા દેશને નુકશાન પહોંચાડનારા તત્વોને ડામવા પડશે શોર્ટકટમાં રૂપીયા પાડનારા જે કોઈ વિભાગના કર્મીઓ અથવા ટ્રાફિકના પોલીસ કર્મીઓના સામે આયકર વિભાગ લાલ આંખ કયારે કરશે ? તે આવનારો સમય બતાવશે. તેમજ મળતીયાઓ જે ટ્રક ડ્રાયવરો પાસેથી હપ્તો વસુલે છે. તેમની સામે એનટકરપ્શન વિભાગ પણ ચાંપતી નજર રાખે તમામ ત્રણ રસ્તે આ હપ્તા વસુલે છે. તેવું ટ્રક ડ્રાયવરોમાં ગણગણાટ થાય છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, રેતીના ઢગલાઓનો ધીકતો વેપાર કરવા માટે કરોડોનું સેટીંગ કોણ કરે છે અને કયા કયા વિભાગો સાથે મેળાપીપણાનો ખેલ પાડવામાં આવ્યો છે. આ તો સ્ટેટ વિજીલન્સ વિભાગની તપાસ થશે તો તેમાં બહાર આવશે તેવી ભારતીયતા ઉપર અડગ વિશ્વાસ ધરાવનારા પદના અધિકારીઓ પર આમ જનતાનો વિશ્વાસ છે.

# ઝાલોદ નગરમાં કલોથની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી ૧.૧૮ લાખની ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં તસ્કરોએ દિનપ્રતિદિન તરખાત મચાવી રહ્યાં છે. ઝાલોદ નગરમાં ફરીવાર તસ્કરોએ એક ક્લોથની દુકાનને નિશાન બનાવી દુકાનમાંથી સોના–ચાંદીના દાગીના વિગેરે મળી કુલ રૂા. ૧,૧૮,૦૦૦/–ની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. બે દિવસ અગાઉ તસ્કરોએ એક બંધ રહેણાંક મકાનને નિશાન બનાવી ત્યાંથી પણ રોકડા રૂપીયા અને સોના–ચાંદીના ઘરેણાંની ચોરી કરી હતી.

ગત તા. ૨૦મી ડિસેમ્બરના રોજ ઝાલોદ નગરમાં આવેલ શીવમ પેટ્રોલપંપની સામે બ્રિજેશભાઈ ભરતભાઈ પ્રજાપતિ (રહે. ઝાલોદ,તા.જિ.દાહોદ)ની પ્રજાપતિ ક્લોથ નામક દુકાનમાં રાત્રીના કોઈપણ સમયે તસ્કરોએ દુકાનને નિશાન બનાવી દુકાનનું તાળુ તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનમાંથી છડા, બંગડીઓ, મંગળસુત્રો, કંઠીઓ, વીટીઓ, વિછુડી વિગેરે મળી કુલ રૂા.૧,૮૦,૦૦૦/–ની સનસનાટી ભરી લુંટ ચલાવી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે બ્રિજેશભાઈ ભરતભાઈ પ્રજાપતિએ ઝાલોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના લીમડી ગામે બારદાન ગોડાઉનમાં આગ લાગતાં સામાન બળીને ખાખ



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક બારદાનના ગોડાઉનમાં અગમ્યકારણોસર આગ ફાટી નીકળતાં ગોડાઉનનો સંપુર્ણ સામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજરોજ બપોરના સમયે ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ એક બારદાનના ગોડાઉનમાં અગમ્યકારણોસર આગ લાગતાં ગોડાઉનમાં આગને પગલે આગના ગોટેગોટા આકાશમાં ફરી વળ્યાં હતાં. ભીષણ આગને પગલે ફાયર ફાઈટરને જાણ કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળ પર પહોંચી ગયાં હતાં. પાણીનો ભારે મારો ચલાવ્યાં બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જાણવા મળ્યાં અનુસાર, બંધ મકાનને ગોડાઉન તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. આગને પગલે ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. આગમાં લાખ્ખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

# દાહોદના કઠલા ગામે હાઈવે ઉપર ગેસ ટેન્કર પલ્ટી જતાં ફાયર ફાયટરો અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી



દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે હાઈવે રોડ પર એક ગેસ ભરેલ ટેન્કર અકસ્માતે પલ્ટી ખાઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો ફાયર બ્રિગેડના લાશ્કરો તેમજ પાણીના બંબા સાથે પહોંચી ગયાં હતાં પરંતુ સદ્દનસીબે કોઈ મોટી જાનહાની ન થતાં સૌ કોઈ રાહતનો શ્વાસ લીધો હતો. દાહોદ તાલુકાના કઠલા ગામે આજરોજ હાઈવે રોડ પરથી એક ગેસ ભરેલ ટેન્કર પસાર થઈ રહ્યું હતું. અકસ્માતે જોત જોતામાં ગેસ ભરે ટેન્કર હાઈવે રસ્તાની વચ્ચો વચ્ચ પલ્ટી ખાઈ ગયું હતું. જાણવા મળ્યાં અનુસાર, ગેસ ભરેલ ટેન્કરના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હોવાથી અકસ્માત સર્જાયો હતો. ટેન્કર પલ્ટી ખાઈ જતાં હાઈવે રસ્તા પરથી પસાર થતાં લોકો તેમજ આસપાસના રહીશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો તેમજ ફાયર બ્રિગેડના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળ પર પહોંચી ગયાં હતાં. ઘટનાને પગલે કલાકો સુધી રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી. સદ્દનસીબે આ માર્ગ અકસ્માતમાં કોઈ મોટી જાનહાની ન થતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# મધ્યપ્રદેશના બે શહેર 'પવિત્ર ક્ષેત્ર' જાહેર, માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ

ભોપાલ,

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જૈન તીર્થસ્થળ કુંડલપુર સહિત બે શહેરને પવિત્ર ક્ષેત્ર જાહેર કરતા કહ્યું કે ત્યાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ લગાવવામાં આવશે.

અત્રે જણાવવાનું કે સીએમ શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલથી ૨૮૫ કિલોમીટર દૂર દમોહ જિલ્લામાં સ્થિત કુંડલપુરમાં જૈન સમુદાયના પંચકલ્યાણક મહોત્સવમાં ભાગ લેતા આ જાહેરાત કરી. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે આચાર્ય વિદ્યાસાગર મહારાજની પ્રેરણાથી હું કુંડલપુર અને બાંદકપુરને પવિત્ર ક્ષેત્ર જાહેર કરી રહ્યો છું. જ્યાં માંસ અને દારૂ પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ રહેશે. અત્રે જણાવવાનું કે બાંદકપુર શહેર ભગવાન શિવના મંદિર માટે પ્રસિદ્ધ છે.

સીએમ શિવરાજ સિંહ ચોહાણે કહ્યું કે વિદ્યાસાગર મહારાજની ઈચ્છા મુજબ રાજ્ય સરકાર એક વર્ષની અંદર મેડિકલ અને એન્જિનિયરિંગ સિલેબસ હિન્દીમાં શરૂ કરશે. તેમણે નાગરિકોને ગૌરક્ષાના કામમાં આગળ આવવાની અને પર્યાવરણને જાળવવા વૃક્ષારોપણની પણ અપીલ કરી. આ અગાઉ આ મહિનાની શરૂઆતમાં મધ્ય પ્રદેશના મંત્રી વિશ્વાસ સારંગે કહ્યું હતું કે સરકાર આગામી શૈક્ષણિક સત્રાથી ભોપાલની ગાંધી મેડિકલ કોલેજમાં એમબીબીએસ સિલેબસ હિન્દીમાં શરૂ કરશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.154

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

### કોરોનાની ત્રીજી લહેરની દહેશત શમી નથી કે

# ગોધરામાં GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગ દેખા દીધી : ૧૦ કેસ નોંધાયા, ૩ વ્યકિતના મોત થયા

## ગોધરા શહેર માંથી GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) બિમારીના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ મળી આવતાં આરોગ્ય વિભાગમાં દોડધામ મચી





ગોધરા,

પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં GBS એટલે કે, ગુલીયન બેરી સિન્ડ્રોમ નામના જીવલેણ રોગના ૧૦ કેસો સામે આવતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે. હાલમાં ગોધરા શહેરમાં કોરોનાના કેસો માંડ માંડ ઓછા થયા છે. ત્યાં GBS નામના જીવલેણ રોગે દેખા દીધી છે. તેમજ આ રોગના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૩ દર્દીઓના મોત થયા હોવાની પણ વિગતો સામે આવતાં શહેરીજનોમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.

ગોધરા શહેરમાં કોરોનાના કેસોમાં માંડ બે દિવસ થી રાહત મળી હતી. ત્યાં શહેરમાં GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) નામના રોગ એ દેખા દેતાં શહેરીજનો સહિત આરોગ્ય વિભાગ દોડતું થયું છે. ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ સાંપા રોડ, વાગડીયાવાસ, સુવિધાનગર, દયાનંદ નગર, સતકૈવલ સોસાયટીઓમાંથી આ રોગના લક્ષણો ધરાવતા ૧૦ ઉપરાંત કેસો મળી આવ્યા છે. જે તમામ ૭ દર્દીઓ વડોદરા ખાતે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે આ રોગના લક્ષણો ધરાવતા ૩ દર્દીઓના શંકાસ્પદ મોત થયા હોવાનું પણ સામે આવ્યું છે.

GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) થી પીડીત દર્દીઓના થયેલા મૃત આંકમાં બે બાળકો અને ૧ મહિલાનો સમાવેશ થાય છે. ગોધરા શહેરમાં GBS રોગના દર્દીઓ મળી આવતા શહેરીજનોમાં ભારે દહેશતનો માહોલ સર્જાયો છે. તો બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા શહેરના ભુરાવાવ વિસ્તારમાં અલગ અલગ છ ટીમો બનાવીને સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં આ વિસ્તારોમાં આવેલ રહેણાંક મકાનોમાં રહેતા અને આ રોગના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના સેમ્પલ મેળવીને અમદાવાદ ખાતે મોકલવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)એ બેકટેરીયા અને વાયરસના લીધે થતો રોગ છે. આ રોગ જેને લાગુ પડે છે. તે દર્દીના શ્વાસોશ્વાસની પ્રક્રિયા અને શરીરની નર્વસ સીસ્ટમ પર અસર કરે છે. જેને લઈને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને પગમાં અશકિત આવે છે અને મોટાભાગના કિસ્સાઓમાં પગમાં લકવો થઈ જાય છે. એક અભ્યાસ પ્રમાણે ઓછા રાંધેલા મરઘીના માંસ માંથી પણ GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગના બેકેટરીયા મળી આવે છે. જ્યારે એડીએસ મચ્છર તેમજ વધુ પડતી ગંદકીમાં આ રોગના બેકેટરીયા અને વાયરસ મળી આવે છે.

ગોધરા શહેરમાં હાલમાં મળી આવેલા GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગના દર્દીઓમાં મોટાભાગના બાળકો અને યુવાનોનો સમાવેશ થાય છે. જેઓની ઉંમર ૧૦ વર્ષથી લઈને ૨૩ વર્ષ સુધી સામે આવી છે. આ રોગના નિદાન માટે દર્દીના સ્ટુલનનું સેમ્પલ મેળવીને પરિક્ષણ કરવામાં આવે છે. આ રોગથી બચવા માટે રહેણાંક મકાનો તેમજ વિસ્તારોમાં ગંદકીની નિયમીત સાફ-સફાઈ ચોખ્ખા પાણીનો ભરાવ ન થવા દેવો તેમજ વાસી ખોરાક ન લેવા જેવા સુચનો આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે.

ગોધરા શહેર માંથી મળી આવેલા તમામ દર્દીઓ હાલ વડોદરા ખાતે સારવાર અર્થે ખસેડાયા છે. જ્યારે હજુપણ કેટલાક વધુ દર્દીઓ મળી આવેલ તેવી સંપૂર્ણ શકયતાઓ વચ્ચે આરોગ્ય વિભાગ તેમજ ગોધરા નગર પાલિકા દ્વારા આ વિસ્તારમાં સાફ-સફાઈ સેનીટેશન, દવાનો છંટકાવ સહીતની કામગીરી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી બન્યું છે. અત્રે ઉલ્લેખનિય છે કે, હાલમાં ગોધરા શહેરમાંથી મળી આવેલા ૧૦ જેટલા કેસોમાં મોટાભાગના કેસો ગીચ વસ્તી ધરાવતા સ્લમ વિસ્તારો માંથી મળી આવેલા છે. જેથી જવાબદાર વિભાગોમાં આ વિસ્તારોમાં તાત્કાલીક અસરથી કાર્યવાહી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી બન્યું છે.

- ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તાર માંથી GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગના શંકાસ્પદ દર્દીઓ મળી આવતા શહેરીજનોમાં દહેશતનો માહોલ.
- ૩ થી ૨૩ વર્ષ સુધીના ઉંમરવાળાને GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગ થવાની શકયતાઓ વધુ રહે છે.
- GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગના લક્ષણો ધરાવતા બે બાળકો અને એક મહિલાનું મોત.

### GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગ ધરાવતા દર્દીઓમાં દેખાતાં લક્ષણો

૧. GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) બેકેટરીયા અને વાયરસના લીધે થતો રોગ છે.
૨. GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)ના દર્દીઓને શ્વાસોશ્વાસની પ્રક્રિયા અને શરીરની નર્વસ સીસ્ટમ પર અસર થાય છે.
૩. GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)ના દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ પડવા સાથે પગમાં અશકિત આવે છે અને મોટાભાગના કિસ્સાઓમાં પગમાં લકવો થઈ જાય છે.
૪. એક અભ્યાસ પ્રમાણે ઓછા રાંધેલા મરઘીના માંસ માંથી પણ GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)ના રોગના બેકેટરીયા મળી આવ્યા છે.
૫. એડીએસ મચ્છર તેમજ વધુ પડતી ગંદકીમાં આ રોગના બેક્ટેરીયા અને વાયરસ મળી આવ્યા છે.

### GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ) રોગને રોકવા માટે લેવાની સાવચેતી

GBS (ગુલીયન બેરી સિન્ડ્રોમ)ના રોગથી બચવા માટે રહેણાંક મકાનો તેમજ વિસ્તારોમાં ગંદકીની નિયમીત સાફ-સફાઈ પાણીનો ભરાવ ન થવા દેવો તેમજ સંપૂર્ણ રાંધેલો ખોરાક આરોગવો જોઈએ. રહેણાંક વિસ્તારોમાં સાફ-સફાઈ, સેનીટિશન, દવાનો છંટકાવ કરવી જરૂરી છે.

## ગોધરા શહેર માંથી મળી આવેલા ૭ દર્દીઓ હાલ વડોદરા ખાતે સારવાર હેઠળ હજુપણ કેટલાક વધુ દર્દીઓ મળી આવવાની શકયતાઓ

## ગોધરાના બખ્ખર ગામના રહેણાંક મકાન માંથી વિદેશી દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના બખ્ખર ગામે રહેતા ઈસમે પોતાના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી ૪૩૫૦/-નો વિદેશી દારૂ ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના બખ્ખર ગામે રહેતા ભલસિંહ ઉર્ફે ભલો મંગળસિંહ બારીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી વિદેશી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૪૨ કિંમત ૪૩૫૦/-રૂપીયાનો દારૂ મળી આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરા તાલુકાના કાલીયાવાવ ગામેથી ખનન કરતાં ખાણ ખનિજ વિભાગે JCB ટ્રક ઝડપ્યું



ગોધરા,

ગોધરા તાલુકાના કાલીયાવાવ પાસે ગેરકાયદેસર રીતે માટી મોરમનું જેસીબી દ્વારા ખોદકામ કરીને લઈ જવાતો હોય તે સ્થળે ખાણ-ખનિજ વિભાગે રેઈડ કરી જેસીબી ટ્રક મળી ૫૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા તાલુકાના કાલીયાવાવ પાસે ગેરકાયદેસર રીતે જેસીબી મશીન દ્વારા માટી મોરમનું ખોદકામ કરીને ટ્રકમાં ભરીને હેરફેર કરવામાં આવતી હોય આવી ગેરકાયદેસર ખનિજ ચોરી રોકવા અને ઝડપી પાડવા ગોધરા ખાણ-ખનિજ વિભાગ દ્વારા રેઈડ કરવામાં આવી હતી અને મોરમ માટીનું ખોદકામ માટે ઉપયોગમાં લેવાનું જેસીબી અને ટ્રક મળી ૫૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. ગોધરા તાલુકાના ગામોમાં ગેરકાયદેસર રીતે થતી ખનિજ ચોરીના સ્થળે ખાણ-ખનિજ વિભાગે સપાટો બોલાવતા ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## હાલોલના સ્ટેશન રોડ તલાટી કોલોની પાછળ જુગાર રમતા સાત જુગારીયાને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ સ્ટેશન રોડ તલાટી કોલોની ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી ૭ જુગારીયાને ૩૯૫૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ સ્ટેશન રોડ તલાટી કોલોની ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી. દરમિયાન સુરેશ રમણલાલ દલવાડી, કેતુલ ગોવિંદભાઈ રાણા, ઈશ્વરભાઈ રયજીભાઈ પરમાર, દિપક જીવણલાલ દલવાડી, રજનીકાંત ભોગીલાલ ચોકસી, કનુભાઈ અંબાલાલ વસાવા, કિશનલાલ જીવણલાલ શેઢીને ઝડપી પાડયા હતા. પકડાયેલા ઈસમો પાસેથી અંગઝડતીમાં ૩૩૭૦/- તથા દાવ ઉપર મુકેલ નાણાં મળી ૩૯૫૦/- રૂપીયા સાથે ઝડપી પાડ હાલોલ પોલીસે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી.

## નવરચના શાળા ગોધરામાં બાલ સંસદ કમિટી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



ગોધરા,

નવરચના પ્રાથમિક શાળા ગોધરામાં ધોરણ ૫ થી ૮ ના વર્ગોની વર્ગ નેતાની ચૂંટણીનું આયોજન આજ રોજની યુનિક ગણી શકાય એવી તારીખ ૨૨/૦૨/૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. બાલ સંસદ કમિટીની સ્થાપના અને વર્ગનેતાની ચૂંટણીમાં શાળનાં ૧૨૦ બાળકોએ ઉમેદવારી નોંધાવેલ હતી. અલગ અલગ ઓરડામાં બૂથ પર મતદારોએ ઉત્સાહપૂર્વક ૭૮% મતદાન થયું હતું. આજ રોજ મતદાન ગણતરી પછી કુલ ૨૪ ઉમેદવાર વિવિધ વર્ગોમાં વિજેતા જાહેર કરવામાં આવેલ છે.

ધોરણ ૫ થી ૮ માં પ્રથમ વિજેતા તરીકે સુખી સુમેર તલહા, બોગલ અકસા મો આરીફ, પટેલ હમઝા મો સલીમ,ધોબી ખુશ્બુ સિરાજભાઈ, અંધી શહેજાદ ઈમરાન, વાઢેલ ઝેબામિનહાજ એહમદ,ગાજી મો સહલ ઈશાક, પટેલ મરયમ ઈલયાસ, કોલા અરમાન સિરાજ, સૈયદ મરયમબીબી સહલમીયા, પટેલ મોહમદ રિઝવાન, આલમ ખદીજા સિદ્દીક, ભટુક માહિર ઈરફાન, જમસા ઈફફત ફેસલ, મન્સૂરી મો ફૈઝ સમીર, પિત્તલ સબીહા મો સલીમ, મન્સૂરી રેહાન ઈમ્તિયાજ, પટેલ ફહિમા શાહીદ, ગીતેલી મુહમ્મદ મોહસીન, મન્સૂરી જુવેરીયા ઈકબાલ, બંગલી મો રય્યાન મુસ્તાક, મન્સૂરી સોહા યાસીન, શેખ અમ્માર ઈકબાલહુસેન અને મન્સૂર તસ્કીન હાસીમ જાહેર થયેલ છે.

ચૂંટણી નિરીક્ષક તરીકે શાળાના સુપરવાઈઝર મો જૂનેદ મન્સૂરી, ચૂંટણી સંચાલક તરીકે શાળાના શિક્ષકો ડીમ્પલબેન પટેલ, હેતલબેન રાણા, હેમાંગીબેન ચાંપાનેરી,સુષમાબેન ક્રિશ્ચિયન, મત ગણતરી અધિકારી તરીકે શાળાના શિક્ષકો જાવેદભાઈ જુજારા, બાબુભાઈ વરીયા, ઉસમાનભાઈ અરબ, ઈમરાનભાઈ પોલા, રાજેન્દ્રસિંહ રાઠોડ અને સુરેશકુમાર સોલંકીએ સેવા આપી હતી.

સંસ્થાના ચેરમેન ડો. સરવર જે વલી,સંસ્થાના વહીવટદાર વાસ્તવ સર અને શાળાના આચાર્ય જબીનબેન કાઝી અને આચાર્ય ફિરોઝખાન પઠાણ દ્વારા તમામ વિજેતા મિત્રો અને સમગ્ર શાળામાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવાર પ્રથમ ગીતેલી મુહમ્મદ મોહસીન (૨૫), આલમ ખદિજા સિદ્દીક(૨૨) અને ધોબી ખુશ્બુ સિરાજભાઈ(૨૧)ને અભિનંદન આપેલ છે.

## સરકારે બફર સ્ટોક રિલીઝ કરતાં કાંદાના ભાવ ઘટવાની ધારણા



કાંદામાં હવે તેજીનાં વળતાં પાણી શરૂ થાય એવી સંભાવના છે. કેન્દ્ર સરકારે દેશના પાટનગર સહિતનાં કેટલાંક શહેરમાં કાંદાના વધતા ભાવને ધ્યાનમાં રાખીને નાફેડે પાસે પડેલા બફર સ્ટૉકમાંથી કાંદા રિલીઝ કરવાની શરૂ કરી હોવાની વાત ગ્રાહક મંત્રાલયે કરી હતી.

બીજી તરફ સરકારે દેશનાં તમામ રાજ્યોને પણ કાંદાની ૨૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવથી સ્ટૉરેજ બેઠાં ખરીદવા માટે દરખાસ્ત કરી છે. દિલ્હીની મધર ડેરીના સફલ આઉટલેટ્સમાં આ કાંદા ૨૬ રૂપિયા પ્રતિ કિલોના ભાવથી વેચાણ થાય છે.

કાંદાના ભાવ અત્યારે મોટા શહેરમાં ૩૫થી ૪૩ રૂપિયા વચ્ચે ક્વોટ થઈ રહ્યા છે, જને પગલે સરકારે કાંદાના બફર સ્ટૉકને રિલીઝ કરવાની શરૂઆત કરી છે.

ખેડૂતોની નવા કાંદા આવવાની તૈયારી છે એવા સમયે જ સરકારે બફર સ્ટૉક રિલીઝ કર્યો હોવાથી મંડીઓના કાંદાના ભાવ હવે નીચા આવે એવી સંભાવના છે. આગામી એકાદ સપ્તાહમાં કાંદાના ભાવમાં મણે ૫૦થી ૧૦૦ રૂપિયા ઘટી જાય એવી સંભાવના જાણકાર વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. આ વર્ષે શિયાળુ વાવેતર મોટા પાયે થયું હોવાથી તમામ રાજ્યોમાં પાક સારો થવાની ધારણા છે. ઉત્તર ભારતના રાજ્યમાં પણ નવા કાંદાની આવક આવતા મહિનાથી ચાલુ થઈ જશે.

## ખાદ્ય તેલમાં એક જ દિવસમાં રુપિયા ૨૦થી ૪૦ સુધીનો વધારો, સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૪૦૦ રુપિયા નજીક પહોંચ્યો



અમદાવાદ,

મધ્યમવર્ગની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો થતો જઈ રહ્યો છે. કોરોનાની મહામારીમાં પડેલા આર્થિક સંકટના મારમાંથી હજુ તો જનતા માંડ બહાર આવી રહી હતી. ત્યાં હવે મધ્યવર્ગ પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયુ છે. મળતી જાણકારી અનુસાર સિંગતેલ અને કપાસિયા તેલ સહિતના ખાદ્ય તેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. રાજકોટમાં એક જ દિવસમાં સિંગતેલમાં ૪૦ રૂપિયાનો વધારો થયો છે.

ખાદ્ય તેલના ભાવમાં ભડકો થતા સામાન્ય વર્ગ ચિંતામાં મુકાયો છે. કપાસિયા, સીંગતેલ અને પામોલીન તેલના ભાવ વધ્યા છે. એક જ દિવસમાં ખાદ્યતેલના ભાવોમાં ૨૦ રૂપિયાથી લઈને ૪૦ રુપિયા સુધીનો વધારો થયો છે. સિંગતેલમાં ૪૦ રૂપિયાનો વધારો થયો છે. તો એક જ દિવસમાં પામોલીન તેલમાં પણ ૩૦ રૂપિયાનો વધારો થયો છે. તો કપાસિયા તેલમાં પણ ૨૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સિંગતેલના એક ડબ્બાના ભાવ ૨૪૦૦ રુપિયા નજીક પહોંચ્યા છે. તો કપાસિયા તેલના ડબ્બાના ભાવ ૨૩૨૦ અને પામતેલના ડબ્બાના ભાવ ૨૧૪૦ રુપિયાએ પહોંચ્યાં છે.

પેટ્રોલ-ડીઝલ, ગેસ અને શાકભાજીના ભાવોમાં અધધ વધારા પછી ખાદ્યતેલના ભાવોમાં પણ સતત વધારો થતો રહયો છે. ત્યારે મધ્યમ વર્ગના પરિવારોએ હવે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યુ છે. કોરોનાકાળમાં થયેલા લોકડાઉનમાં આર્થિક માર સહન કર્યા પછી હવે જનતાએ મોંઘવારીનો માર પણ સહન કરવો પડી રહ્યો છે. હવે ખાદ્યતેલના ભાવોમાં પણ વધારો થતા લોકોએ જાયે તો જાયે કહીં જેવી સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. બીજી બાજુ યાર્ડમાં મગફળી અને કપાસની આવક ચાલુ છે.